1 to 5

નં.શિક્ષણ/ખા.શાળા /નવી શાળા/વશી ૪
શિક્ષણ શાખા,જિલ્લા પંચાયત,આણંદ
તા.૨૨/ ૫ /૨૦૧૪

પ્રતિ,
સંચાલકશ્રી/ પ્રમુખ શ્રી,
**શ્રી નરચર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**
**એકેડેમી હાઇટસ પબ્લીક સ્કુલ**
**મું–કાસોર**
**તાઃ આંણદ**

**વિષયઃ**-જૂન-૨૦૧૪ ના શૈક્ષણિક વર્ષથી કાયમી ધોરણે ગ્રાન્ટ નહી લેવાની શરતે ધોરણ–૧ થી ૫ નવી શાળા શરૂ કરવા ની મંજૂરી અંગે

**સંદર્ભઃ** (૧)આપના તરફથી થયેલ દરખાસ્ત .તા.૧૦/૪ /૧૪
(૨)નાયબ શિક્ષણ નિયામકશ્રી ગુજરાત રાજય ગાંધીનગર ના પત્ર ક્રમાંક/ પ્રાશિન/ખ–૨/ માન્યતા ૧૬૯૧ /૧૭૪૯ તા.૨/૪/૧૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે આપની અરજી અન્વયે તપાસ કમિટી નો સ્થળ તપાસનો અભિપ્રાય અને તમોએ રજૂ કરેલ આધાર પુરાવા જોતાં મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૯ ના નિયમ -૧૦૬ (ખ) ની જોગવાઇ અન્વયે જૂન-૨૦૧૪ ના શૈક્ષણિક વર્ષથી **અંગ્રેજી માધ્યમ ધોરણ-૧ થી ૫ નોન ગ્રાન્ટેડ નવી શાળા શરૂ કરવાની** ની મંજૂરી ગ્રાન્ટ નહી લેવાની શરતે તેમજ શીડયૂલ (એફ)નું પાલન કરવાની શરતે મંજૂરી આપવામાં આવે છે. મંજૂરી પ્રમાણપત્ર આ સાથે સામેલ રાખેલ છે.શાળાએ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો -૧૯૪૯ ના નિયમ -૧૦૬ હેઠળ માન્યતા માટે અરજીમાં જણાવેલ નિયમ- ૧૦૬ (ક)થી (ઘ) સુધી જણાવેલ તમામ જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.તેમજ ફરજીયાત શિક્ષણધારા અધિનિયમ ૨૦૦૯ અને ગુજરાત સરકારના (RTE) રૂલ્સ ૨૦૧૨ ની જોગવાઇનો અમલ કરવાનો રહેશે.
૨. મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ ના નિયમ-૧૦૬ (૨) અને ૧૧૧(૨) (ગ) અન્વયે શિડયૂલ (એફ) ની જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
૩. લાયકાત ધરાવતા તાલીમી શિક્ષકોની નિયમોનુસાર ભરતી કરી શિક્ષણ આપવાનું રહેશે
૪. મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ ના નિયમ-૧૦૬ (ક) (૧૧) ની જોગવાઇ મુજબ શિક્ષકોના પગારની ચૂકવણી માટે સંચાલક મંડળે અનુસૂચિત બેંકમાં ખાતું ખોલાવવું જોઇશે. અને શિક્ષકોના પગારની ચૂકવણી તેમના બેંકના ખાતામાં ચેકથી નાણાં જમા કરાવીને પગાર ચૂકવવાનો રહેશે.
૫. પારા-૧માં દર્શાવ્યા મુજબ તમામ શાળામાં નિયમોનુસાર પુરતા ક્ષેત્રફળ ધરાવતાં ઓરડા,રમતગમતનું મેદાન,ભૌતિક સગવડો, આરોગ્ય વિષયક સગવડો, હવા ઉજાસવાળું મકાન, ગ્રંથાલય, ફર્નિચર, પુરતા પ્રમાણમાં સાધન સામગ્રી વગેરે હોવા જોઇશે.

૬. સરકારે મંજૂર કરેલ અભ્યાસક્રમ વિગતવાર વિષય મુજબ અનુસરવા જોઇશે. અને સરકારે વખતોવખત મંજૂર કરેલ અથવા ઠરાવેલ પાઠય પુસ્તકોમાંથી શિક્ષણ આપવાનું રહેશે.

૭. સરકારશ્રી ધ્વારા વખતોવખત ઠરાવવામાં આવે તે તમામ જોગવાઇઓ, આદેશો વગેરેનું પાલન કરવાનું રહેશે.

૮. માન્યતા માટેની નકકી કરેલ શરતોનું પાલન કરવામાં આવે તો મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ ના નિયમ-૧૦૯ (૨) ની જોગવાઇ અન્વયે શાળાની મંજૂરી પાછી ખેંચી લેવામાં આવશે.

૯. મંજૂરી આપેલ શાળાના હુકમમાં દર્શાવેલ સ્થળે મંજૂરીના વર્ષમાં શાળા શરૂ કરવામાં નહિ આવે તો મંજૂરી આપોઆપ રદ થવા પાત્ર થશે.

૧૦. સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :- પીઆરઇ -૧૧૧૧-૭૧૧=ક તા.૨૭/૪/૧૧ મુજબ પ્રાથમિક શિક્ષકોની પસંદગી માટેની પ્રાથમિક શિક્ષક યોગ્યતા (TET) પરીક્ષા પાસ કરેલ ઉમેદવારની ભરતી કરવાની રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત,આણંદ

સવિનય નકલ રવાના:- નિયામક શ્રી,પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,બ્લોક નં. ૧૨, ગાંધીનગર તરફ.

નકલ રવાના:- (૧) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા પંચાયત. આંણદ તરફ જાણ સારૂ.

## ખાનગી પ્રાથમિક શાળા / ઉચ્ચતર પ્રાથમિક શાળાની માન્યતા

-:પ્રમાણપત્ર:-

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ને નીચે મુજબની વિગતે પ્રાથમિક શિક્ષણ આપવા માટે મુંબઇ પ્રાથમિક શિક્ષણ ૧૯૪૭ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇ અનુસાર માન્ય ખાનગી પ્રાથમિક શાળા (સ્વનિર્ભર) તરીકે માન્યતા આપવામાં આવે છે.

૧.શાળાનું નામઃ એકેડેમી હાઇટસ પબ્લીક સ્કુલ મું–કાસોર(અજરપુરા)

૨.શાળાનું સરનામું: મું–કાસોર(અજરપુરા) તાઃ આંણદ જિલ્લોઃઆણંદ

૩.શાળાનોંધણી નંબરઃનંશિક્ષણ/ખા.શાળા /નવીશાળા/વશી/ ૪/૨૦૧૪

૪.શાળાની માન્યતા તારીખ/વર્ષઃ / ૦૬ /૨૦૧૪

૫.શિક્ષણનું માઘ્યમઃ અંગ્રેજી

૬.પ્રાથમિક ધોરણો(૧ થી ૫): અંગ્રેજી માઘ્યમનો ધોરણ–૧ થી ૫ એક વર્ગ

૭.ઉચ્ચતર પ્રાથમિક ધોરણો(૬ થી ૮): –

૮. આ સાથેની શરત નં ૧ થી ૧૦ નું પાલન કરવાનું રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત કચેરી આણંદ